| | | | | |
|---|---|---|---|---|
| GJKT180002832026 | Presented on : | 11-03-2026 | | |
| | Registered on : | 11-03-2026 | | |
| | Decided on : | 16-03-2026 | | |
| | Duration : | Years | months | day |
| | | 00 | 00 | 05 |

**IN THE COURT OF**
**5th ADDL DISTRICT JUDGE AT BHACHAU,KACHCHH**
**Presided Over by B.L.CHOITHANI**

---

**CRMA S/132/2026**

**Exhibit No.:**

**Applicant:**

RAMJANABANU (RAMJANABEN) W/O ABDULBHAI KAKAL D/O SHAKUSHA CHIKATA; Age: 40
Address: BEHIND SAI BABA TEMPLE, AMARADI, TAL-BHACHAU, DIST- KACHCHH

**VERSUS**

**Opponent:**

THE STATE OF GUJARAT
AGP OFFICE ADDITIONAL DISTRICT COURT BUILDINGBHACHAU DIST- KACHCHH

---

Advocate for Applicant : M A BAYAD
A.P.P for THE STATE OF GUJARAT : M.R. JADEJA

---

| | | |
|---|---|---|
| **બાબત** | **:** | બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી. |

---

**–: ચુકાદો :–**

(૧) હાથપરના કેસમાં અરજદારે ગુનાના અન્ય સહ આરોપીઓ સાથે મળી

પતંગ ચગાવવાની સામાન્ય બાબતે ગાળો બોલી હુમલો કરી,માર મારી, લોખંડના પાઈપ અને લાકડી અને લાતોથી મારી ગંભીર ઈજા પહોંચાડી, ફરિયાદી અનુસુચિત જાતિના સભ્ય હોવાનુ જાણવા છતાં તેઓ સાથે ગાળાગાળી કરી તેઓની જાતિ અપમાનીત કરી જીલ્લા મેજી.શ્રીના જાહેરનામાનો ભંગ કરી આક્ષેપિત ગુનો કરેલ જે અંગેની ફરીયાદ ભચાઉ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૯૯૩૦૦ ૪૨૬૦૦૨૩/૨૦૨૬ તા-૦૫/૦૧/૨૦૨૬ થી બી.એન. એસ.ની કલમ-૧૧૫(૨),૧૧૮(એ), ૨૯૬(ખ), ૧૨૫ ૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨) (૫-એ) મુજબના ગુના સબબ રજીસ્ટરે લેવાયેલ. જે કામે અરજદારે જામીન અરજી કરેલ છે. અરજી, મુળ ફરીયાદીના વાંધા, પોલીસનું સોગંદનામું વંચાણે લીધુ. બંન્ને પક્ષોની રજુઆત તથા જામીન અરજી સંદર્ભે પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતોને લક્ષમાં લેતા અને હાથ પરના કેસની હકીકતો જોતા ભોગબનનાર કોઈ સારવાર હેઠળ નથી. અરજદાર ૪૦ વર્ષના મહિલા છે. અરજદારનો પ્રથમ ગુનો છે. અરજદારને પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબ યોગ્ય શરતો ને આધિન જામીન મુકત કરવાનુ વાજબી અને ન્યાયીક જણાય છે. સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: : હુકમ : : -**

(૧) બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ અરજદારની જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે. આ કામના અરજદારે ભચાઉ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૯૯૩૦૦ ૪૨૬૦૦૨૩/૨૦૨૬ તા-૦૫/૦૧/૨૦૨૬ થી બી.એન. એસ.ની કલમ-૧૧૫(૨),૧૧

૮(એ), ૨૯૬(ખ), ૧૨૫ ૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨) (૫–એ) મુજબના ના ગુનાના કામે અરજદારે રૂા.૧૫૦૦૦/– ના અંકે રૂપીયા (પંદર હજાર રૂપીયા પુરા)ના સધ્ધર સ્થાનીક જામીન અને જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોએ જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:–**

(૧) અરજદારે તથા જામીનદારે દિન–૭માં, પોતાના આધાર કાર્ડ, ચું ટણી કાર્ડ, રેશન કાર્ડ, પાનકાર્ડ,ડ્રાઈવિંગ લાયસન્સ, લાઈટબીલ, સ્થાવર મિલ્કતના આધાર, પાસપોર્ટની ઝેરોક્ષ નકલ રજુ કરવી તે પૈકી જે આધાર પુરાવો ન હોય તે બાબતે સોગંદનામું રજુ કરવુ.

(૨) અરજદારે ટ્રાયલ ચલાવવામાં પુરો સહકાર આપવો, જો સહકાર આપવામાં નહી આવે તો અરજદારના જામીન રદ કરવામાં આવશે.

– હુકમ આજરોજ તારીખ :–૧૬મી , માહે :–માર્ચ, સને :– ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :- ૧૬/૦૩/૨૦૨૬<br>સ્થળ :- ભચાઉ.<br><br>J.H.GOHIL | (ભરત લાલચંદ ચોઇથાણી)<br>પાંચમા અધિક ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ<br>કચ્છ ભચાઉ<br>(કોડ નં.જીજે૦૦૬૯૦) |